# 'India Property Insider' debuts in UAE

**Publication:** Prabhat; **Date:** 10 Apr 2015; **Edition:** Ahmedabad;
**Reporter:** Bureau
**Circulation:** 25,000; **Total Area:** 146.28 sq cm; **Page No.:** 3

# ઈન્ડિયા પ્રોપર્ટી ઈનસાઈડરનું યુએઈમાં પદાર્પણ

નામાંકિત મિડિયા અને પબ્લિશિંગ હાઉસ યંગ મિડિયાએ ગલ્ફ ન્યૂઝ ડેઈલી સાથે સહયોગમાં ઈન્ડિયા પ્રોપર્ટી ઈનસાઈડર નામે તેનું મહત્ત્વાકાંક્ષી મેગ્લોઈડ લોન્ચ કરવા સાથે યુએઈમાં ભારતીય સમુદાયો સુધી પહોંચવાનો પ્રયાસ શરૂ કર્યો છે. આ મેગ્લોઈડ (ટેબ્લોઈડ ફોર્મેટમાં મેગેઝીન)નો હેતુ યુએઈમાં એનઆરઆઈઓને ભારતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર વિશે જાણવું જરૂરી અને જાણવું ઉત્તમ વાસ્તવિકતાઓથી અવગત કરાવવાનો છે. માહિતીસભર, પ્રોત્સાહનજનક અને દાખલાઓ સાથે આ મેગ્લોઈડ માતૃભૂમિમાં પોતાનું ઘર વસાવવા માગતા એનઆરઆઈઓનું ભાવનાત્મક અને વ્યવહારુ કારણ સંતોષવાનો પ્રયાસ છે. આ નવા સાહસ વિશે બોલતાં યંગ મિડિયાના સ્થાપક અને ડાયરેક્ટર શ્રી વિલ્ફ્રેડ ફરનાન્ડીસે જણાવ્યું હતું કે અખાતમાં વસતા એનઆરઆઈ સમુદાયોને લાંબા સમયથી તેમને અનુકૂળ ભારતીય રિયલ એસ્ટેટ ક્ષેત્ર પર નિયમિત અપડેટ્સ અને એડવાઈઝરીઝની જરૂર હતી. અમને લાગે છે કે ઈન્ડિયા પ્રોપર્ટી ઈનસાઈડર ભારતમાં રિયલ એસ્ટેટમાં રોકાણ કરવા માટે માહિતગાર નિર્ણય લેવામાં એનઆરઆઈઓને સશક્ત બનાવવા માટે ઉત્તમ માધ્યમ બની રહેશે.

યંગ મિડિયાએ રોજના વાચકો માટે મફત ઉપલબ્ધ મેગ્લોઈડના પ્રત્યક્ષ વિતરણ માટે ગલ્ફ ન્યૂઝ સાથે જોડાણ કર્યું છે. યુએઈમાં મોટે પાયે ભારતીય સમુદાયો વસવાટ કરે છે. ખાસ કરીને ન્યૂ દુબઈ, જુમાયરાહ, ઘુસૈસ, કારામા, બુર દુબઈ, ન્યૂ ડેરા, શારજાહ અને અબુ ધાબીમાં તેમની મોટી સંખ્યા હોઈ ઈન્ડિયા પ્રોપર્ટી ઈનસાઈડ આ શહેરોમાં ઉત્તમ પહોંચ આપવા અને સક્ષમ ધોરણે એનઆરઆઈ ગ્રાહક વર્ગ પાસેથી ભારતીય રિયલ એસ્ટેટ ડેવલપરો માટે વેચાણનો માર્ગ મોકળો કરવા માટે વચનબદ્ધ છે. ઉપરાંત આ સાહસિક લોન્ચિંગ પર બોલતાં જીએન મિડિયાના ગ્રુપ સર્ક્યુલેશન મેનેજર શ્રી સંજય મલિકે જણાવ્યું હતું કે ભારતીયો સ્વભાવે બહુ જ મહેનતુ હોય છે અને બચત કરવાની સારી આદત ધરાવે છે. આને કારણે અખાતમાં રહેતા ભારતીયો માટે આ અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છે. ઘરથી દૂર હોવાથી વર્ષોનાં વહાણાં વીતવા સાથે નાણાં બચત કરવાની, રોકાણ કરવાની કે સંપત્તિ નિર્માણ કરવાની તીવ્ર ઈચ્છા હોય છે. આવા સંજોગોમાં રિયલ એસ્ટેટ એકમાત્ર એવી અસ્કયામત છે, જે મહત્તમ વૃદ્ધિ મૂલ્ય આપે છે અને માતૃભૂમિમાં ઘર વસાવવાની અને મૂળિયાં રોપવાની તક આપે છે.